**મહે. શ્રી એડીશ્નલ  ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની અદાલતમાં, મું.રાજપીપળા**

---

**ક્રિમીનલ ઈન્કવારી નંબર–૩/૨૦૨૬**

**<u>–:આંક ૧ લગત હુકમ :–</u>**

સાંભળ્યા, રેકર્ડ વંચાણે લીધુ. ફરીયાદી સુગનચંદ્દ ટુંડારામ ખંડેલવાલ  રહે. વિસાવગા રામજી મંદિર પાસે ,રાજપીપલા તા. નાંદોદ જી. નર્મદા નાઓએ આરોપી વિરુધ્ધની ધી નેગો.ઈન્ટ્રુ મેન્ટ એકટની કલમ:–૧૩૮ ના ગુન્હા સબબની ફરીયાદ રાજપીપળા કોર્ટમાં દાખલ કરેલ અને જે કામ કોર્ટ ઈન્કવાયરીમાં રાખવામાં આવેલ છે તથા બીએનએસએસ ની જોગવાઈઓ મુજબ આરોપી ને સુનવણી ની નોટીસ કાઢવામા આવેલ છે.આરોપી હાજર  થયેલ નથી

હાલના કામે ફરીયાદીએ દસ્તાવેજી પુરાવા લીસ્ટથી ચેક, રીટર્ન મેમો, લીગલ નોટીસ,પોસ્ટ ની સ્લીપ,ટ્રેકીંગ રીપોર્ટ વિગેરે દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ છે આમ, ફરીયાદ અને ફરીયાદીનું સરતપાસનુ સોગંદનામુ તથા ફરીયાદના કામે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા તથા નામદાર સુપ્રિમ કોર્ટના ઈન્ડિયન બેન્ક એસોસીએસન અને બીજા વિરુધ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા અને બીજાનો ચુકાદો(૨૦૧૪ લોસ્યુટ એસસી ૩૬૭) ધ્યાને લેતા આરોપી વિરુધ્ધ ધી નેગો.ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ – ૧૩૮ મુજબના ગુન્હા સબબ ઈન્સાફી કાર્યવાહી માટે પુરતા કારણ જણાતા હોય ફરીયાદને  ક્રિમીનલ કેસ રજીસ્ટરે લઈ બીએનએસએસની જોગવાઈ મુજબ આરોપી વિરુધ્ધ મુદત તારીખ–   ૧૬/૪ /૨૦૨૬ ના રોજનો સમન્સ કાઢવાનો હુકમ કરવામાં આવે છે.સમન્સ સાથે ફરીયાદની નકલ સાથે રાખવી. ફરીયાદી દ્વારા આરોપીનુ ઈ–મેઈલ એડ્રેસ રજુ કર્યેથી આરોપી વિરુધ્ધ સમન્સ ઈ–મેઈલ દ્વારા પણ કાઢવો.

**તારીખ:– ૩૦/૦૩/૨૦૨૬**
**મુકામ :–રાજપીપળા**

**(તુષાર ચિતરંજન ઝવેરી)**
**એડી.ચીફ જ્યુડી. મેજી.**
**રાજપીપળા**
**કોડ નં. જી.જે.૦૦૭૨૩**